**અગ્રતા ક્રમાંક : ૨ પ્રશ્ન ક્ર: ૧૫/૪/૧૦૦૧**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી રમેશભાઈ ભુરાભાઈ કટારા (ફતેપુરા)**

**"દાહોદ જિલ્લામાં "ઈનસ્કૂલ" શાળાઓમાં ખેલાડીઓને તાલીમ"**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી:– શ્રી મહેશભાઇ ભુરિયા (ઝાલોદ)**

**પૂરક પ્રશ્ન– (૨):** રાજ્યના આદિજાતિ જીલ્લામાં વિભાગ દ્વારા કેટલી ઈનસ્કુલ અને ડી.એલ.એસ.એસ. શાળાઓ હાલ કાર્યરત છે? અને તેમાં હાલ કેટલા ખેલાડીઓ આ યોજનાનો લાભ લઈ રહ્યા છે ? લાભ લીધેલ ખેલાડીઓએ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ મેડલ મેળવેલ છે કે કેમ ? જો હા, તો કેટલા મેડલ મેળવેલ છે?

**જવાબ : - માનઅધ્યક્ષશ્રી.,**

- રાજ્યના આદિજાતિ વિસ્તારમાં કુલ ૧૪ જિલ્લાઓમાં ૪૧ ઇનસ્કુલ કાર્યરત છે અને જેમાં ૩૨,૩૭૪ (બત્રીસ હજાર ત્રણસો ચુંમોતેર) ખેલાડીઓ અને ૧૫ ડી. એલ. એસ. એસ. શાળાઓ કાર્યરત છે જેમાં કુલ ૧,૨૨૨ (એક હજાર બસો બાવીસ) ખેલાડીઓ યોજનાનો લાભ મેળવી રહ્યા છે.

**ઈનસ્કુલ યોજના દ્વારા મળતા લાભો નીચે પ્રમાણે છે :–**

- સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા શાળાને મહત્તમ ૨ (બે) રમતના ટ્રેનર ફાળવવામાં આવે છે જેઓ જે તે શાળાના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે તાલીમ આપે છે.
- નોન–કન્ઝ્યુમેબલ અને ફીઝીકલ એજ્યુકેશનને લગતા સાધનો વિનામૂલ્યે આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓને પસંદ થયેલ રમતની ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે.
- ઇનસ્કુલ યોજનામાંથી ટેલેન્ટ આઇડેન્ટીફીકેશન કરી ત્યારપછીની ઘનિષ્ઠ તાલીમ માટે ડી.એલ.એસ.એસ. યોજનામાં પ્રવેશ આપવામાં આવે છે.

**ડી. એલ. એસ. એસ. યોજના દ્વારા મળતા લાભો નીચે પ્રમાણે છે :–**

- આ યોજના અંતર્ગત ખેલાડીઓને શિક્ષણની સાથે રમતની તાલીમ આપવામાં આવે છે. જેમાં ખેલાડી દીઠ વાર્ષિક રૂ.૧.૬૮ લાખ જેટલો ખર્ચ જીલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના હેઠળ સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે.

- આ યોજના અંતર્ગત પસંદ થયેલ ખેલાડીઓને રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ફી, હોસ્ટેલ ફી, ભોજન ખર્ચ, સ્ટાઈપેન્ડ, સ્પોર્ટ્સ કીટ, રમતના સાધનો વિગેરે મળી રહે તથા નિષ્ણાંત કોચ દ્વારા ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે.
- આદિજાતિ વિસ્તારમાં લાભ મેળવતા ખેલાડીઓએ છેલ્લા બે વર્ષમાં રાજ્યકક્ષાએ ૧૧૨ ગોલ્ડ, ૯૦ સિલ્વર અને ૩૧૧ બ્રોન્ઝ મળીને કુલ ૫૧૩ મેડલ મેળવેલ છે.
- આદિજાતિ વિસ્તારમાં લાભ મેળવતા ખેલાડીઓએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રકક્ષાએ ૧૫ ગોલ્ડ, ૧૯ સિલ્વર અને ૩૮ બ્રોન્ઝ મળીને કુલ ૭૨ મેડલ મેળવેલ છે.